# આણંદ કૃષિ યુનિવર્સિટી

## આણંદ

વંચાણે લીધોઃ- ૧ આ કચેરીના પરિપત્ર નં.આકૃયુ/રજી/એડીએમ-૧/૩૦૭૬/૨૪, તા.૫/૮/૨૦૨૪

૨ આ કચેરીના પરિપત્ર નં.આકૃયુ/રજી/એડીએમ-૧/૩૦૭૪/૨૪, તા.૫/૮/૨૦૨૪

૩ આ કચેરીના પરિપત્ર નં.આકૃયુ/રજી/એડીએમ-૧/૩૦૬૨/૨૪, તા.૩/૮/૨૦૨૪

## પરિપત્ર

વંચાણે લીધેલ ક્રમ-૧, ૨ અને ૩ના પરિપત્રોથી અનુક્રમે પાંચમા પગારપંચ, છઠ્ઠા પગારપંચ અને સાતમા પગારપંચની કેરીયર એડવાન્સમેન્ટ યોજનાની માર્ગદર્શિકા મુજબ લાયકાત પરિપુર્ણ કરતાં શૈક્ષણિક સંવર્ગના કર્મચારીઓ પાસેથી અરજીઓ મંગાવવામાં આવેલ છે. જે અંગે અરજદાર અને તેમની કચેરીએ નીચેના મુદ્દાઓને ધ્યાનમાં રાખી અરજીઓ મોકલી આપવાની રહેશે.

૧. શૈક્ષણિક સંવર્ગ મદદનીશ પ્રાધ્યાપક સંવર્ગમા કેરીયર એડવાન્સમેન્ટ યોજના અંતર્ગત પગાર ધોરણ રૂા. ૧૫૬૦૦-૩૯૧૦૦ + એજીપી રૂા.૬૦૦૦/- સ્ટેજ-૧માંથી પગાર ધોરણ રૂા. ૧૫૬૦૦-૩૯૧૦૦ + એજીપી રૂા. ૭૦૦૦/- સ્ટેજ-૨માં કેરીયર એડવાન્સમેન્ટ સ્કીમ હેઠળ પ્રમોશન મેળવવા માટે ૨(બે) ઓરીએન્ટેશન / રીફ્રેશનર તાલીમ કાર્યક્રમો નિયમ સમય મર્યાદામા કરવા જરૂરી છે. પરંતુ કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગના તા.૨૭/૯/૨૦૧૬ના પત્ર ક્રમાંકઃગકવ -૧૪૨૦૦૯-૧૧૮૪-ક.૨ મુજબ સદરહું તાલીમની મુદ્દત તા. ૩૧/૧૨/૨૦૧૭ સુધી ઠરાવની મુળ શરતોને આધિન લંબાવવામા આવેલ.

૨. જે અરજદારોએ ઉકત લંબાવવામા આવેલ મુદ્દત મુજબની જે તાલીમ સ્ટેજ-૧માંથી સ્ટેજ-૨ મેળવવા માટે ધ્યાને લીધેલ હોય, તે તાલીમ તેને મળવાપાત્ર સ્ટેજ-૩માં માન્ય ગણવાની રહેશે નહી.

૩. સ્ટેજ-૩ માટે અરજીકર્તા ઉમેદવારોએ જ આ સાથે સામેલ એનેક્ષર-૧માં તાલીમની વિગતો દર્શાવી અરજી સાથે સામેલ રાખવાનું રહેશે.

ઉકત વિગતો ધ્યાને લઇ નિયમોનુસાર તાલીમ અંગેની નોંધ સબંધિત શિક્ષકની સેવાપોથીમાં ચકાસ્યા બાદ જ કચેરી વડાએ અરજી અત્રેની કચેરીએ મોકલવાની રહેશે.

સદરહું પરિપત્ર માન. કુલપતિશ્રીની મંજુરી મેળવી યુનિવર્સિટીના કામકાજના હિતમા જારી કરવામા આવે છે.

કુલસચિવ

જા.ન.આકૃયુ/રજી/એડીએમ-૧/૩૨૩૧ /૨૦૨૪

તા.૦૬/૦૮/૨૦૨૪

નકલ સવિનય રવાનાઃ-

૧. આ યુનિવર્સિટીના તમામ યુનિટ / સબ યુનિટ અધિકારીશ્રીઓ તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.

૨. નિયામકશ્રી, આઇ.ટી. સેલ તરફ યુનિવર્સિટી વેબસાઇટ પર મુકવા સારૂ.

# આણંદ કૃષિ યુનિવર્સિટી

## આણંદ

## એનેક્ષર-૧

(ફકત સ્ટેજ-૩ની અરજીકર્તા ઉમેદવારો માટે જ)

મદદનીશ પ્રાધ્યાપક અને તેની સમકક્ષ (વર્ગ-૨)માં યુનિવર્સિટી સેવામા જોડાયા બાદ ઓરીએન્ટેશન કોર્સ/રીફ્રેશનર કોર્સ / સમર સ્કુલ / વિંટર સ્કુલ તથા અન્ય ૨૧ દિવસ કે તેથી વધુની તાલીમમાં ભાગ લીધો હોય તેની વિગત.

Name............................................................................................................

Date of Joining as Assistant Professor & its equivalent : ..............................
(either through direct recruitment or promotion)

.......................................................................................................................................

| Sr. No. | Particulars | Place | Duration | | | Sponsoring Agency |
|---|---|---|---|---|---|---|
| | | | From | To | Days | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |

Place :
Date:

**ઉમેદવારનું સહી અને નામઃ**

**કચેરી વડાની સહી અને હોદ્દોઃ**